


# દીપાવલિ પર મા લક્ષ્મીની કૃપા મેળવવાના 10 અચૂક ટુચકા

કાળચક્ર
યજ્ઞાનંદ

આ ધરતી પર દરેક વ્યક્તિ-ધન અને ઐશ્વર્ય મેળવવા ઈચ્છે છે અને તેના માટે સખત મહેનતની સાથે સાથે જાત જાતના ઉપાય પણ કરે છે.

મા લક્ષ્મીજીને 'ધનની દેવી' કહેવાય છે. કહેવાય છે કે, મા લક્ષ્મીની આરાધનાથી જીવનમાં ભૌતિક સુખ-સુવિધાની કમી રહેતી નથી. દીપાવલિ પર મા લક્ષ્મીની પૂજા-આરાધનાનું અત્યંત મહત્ત્વ છે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ દિવસે મા લક્ષ્મીની પૂજા કરવાથી ઘરમાં કાયમી સ્થિર સુખ-સમૃદ્ધિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રો અનુસાર દીપાવલિના દિવસે જણાવેલા લક્ષ્મીપ્રાપ્તિના ઉપાયોથી અતિ શીઘ્ર ફળ મળે છે. અહીં લક્ષ્મીપ્રાપ્તિના કેટલાક ઉપાય આપવામાં આવેલા છે, જેનાથી ઘરમાં ધન-સમૃદ્ધિ અને સુખ-શાંતિમાં વધારો થવો સંભવ છે.

1. જો તમે ગૃહકલેશથી પીડાતા હો અને ઘરની સુખ-શાંતિ દૂર થઈ ગઈ હોય.. તો દીપાવલિના દિવસે મા લક્ષ્મીજીના પૂજન બાદ બે ગોમતી ચક્ર લઈને એક ડબ્બામાં સિંદૂરમાં મૂકી દો. પછી આ ડબ્બીને બંધ કરીને ઘરના કોઈ એકાંત સ્થળે મૂકી દો અને ઘરના કોઈ પણ સભ્યને તે જણાવવું નહીં. શીઘ્ર જ સુખ-શાંતિ સ્થાપિત થઈ જશે.

2. દીપાવલિને લક્ષ્મીપૂજનના સમયે બે અકીક મા લક્ષ્મીજીનાં ચરણોમાં મૂકી દો. પૂજન કર્યા બાદ અડધી રાત્રે આ બંનેને ઘરના કોઈ ખૂણામાં જમીનમાં ખોદીને દાટી દો. બગડેલાં કામ થતાં નજરે પડશે.

3. રાત્રિની સમાપ્તિ પહેલાં બ્રહ્મમુહૂર્તમાં સ્ત્રીઓ ઘરના દરેક ખૂણે-ખૂણામાં ખટ-ખટ અવાજ કરીને કહેવું જોઈએ કે, ''હે અલક્ષ્મી! હવે તમે આ ઘરમાંથી ચાલી જાવ... કારણકે અહીં મા લક્ષ્મીજીનો નિવાસ થઈ ગયો છે.''- આમ કરવાથી તે ઘરમાં દિવસે ને દિવસે લક્ષ્મીજીનો ભંડાર વધતો રહે છે.

4. દિવાળીના દિવસે વિષ્ણુસહસ્રનામ તેમ જ લક્ષ્મીસૂક્તનો પાઠ અવશ્ય કરવો. તેનાથી મા લક્ષ્મી પ્રસન્ન થાય છે અને ઘરમાં સુખ-સમૃદ્ધિ જળવાઈ રહે છે.

5. લક્ષ્મીપૂજનના સમયે 11 કોડીઓને ગંગાજળથી ધોઈને મા લક્ષ્મીજીને અર્પણ કરો અને તેના પર હળદર-કંકુ ચઢાવો. બીજા દિવસે તેને લાલ કપડામાં બાંધીને તિજોરીમાં મૂકી દો. તેનાથી આવકમાં ચોક્કસ રીતે વધારો થાય છે.

6. તંત્ર શાસ્ત્રમાં ગોમતી ચક્રને ઘણું જ શક્તિશાળી માનવામાં આવે છે. દિવાળીની રાત્રે નવ ગોમતી ચક્ર લઈને પૂજા સ્થળમાં મૂકો. પછી બીજે દિવસે તેને પણ લાલ કે પીળા કપડામાં વીંટીને તમારી તિજોરીમાં મૂકી દો. પછી જુઓ.. તમારું ભાગ્ય સાથ આપવા લાગશે.

7. દિવાળીમાં નવું ઝાડું- સાવરણી ખરીદીને લાવવું. પૂજા કરતાં પહેલાં તે સાવરણીથી થોડી સફાઈ કરો. પછી તેને એક તરફ મૂકી દો. બીજા દિવસે તે જ સાવરણીનો ઉપયોગ કરવો. તેનાથી દરિદ્રતા દૂર ભાગી જશે અને મા લક્ષ્મીજીનું આગમન થશે.

8. પૂજામાં મા લક્ષ્મીજીનાં ચરણોમાં એક લાલ તથા એક સફેદ અકીક પથ્થર મૂકવા. આ બંને હકીકના યોગથી ચંદ્ર-મંગળ- લક્ષ્મી યોગ બને છે. પૂજા કર્યા બાદ તેને પોતાના પર્સમાં મૂકી દો.

9. દિવાળીમાં માતા લક્ષ્મીજીની પૂજામાં શ્રીયંત્ર, કુબેર યંત્ર, વ્યાપાર વૃદ્ધિ યંત્ર, વીસા યંત્ર, જમણો શંખ, એકાક્ષી નાળિયેર વગેરે પણ મૂકીને તેમની પણ પૂજા કરવી જોઈએ. જે ઘરમાં આ શુભ યંત્ર તેમ જ ધનપ્રદાયક વસ્તુઓ મૂકવામાં આવે છે તે ઘરના સભ્યોને ધનની કોઈ પણ કમી રહેતી નથી. જો જાતકની કુંડળીમાં નિર્ધનતા લખી હોય તો પણ તે બદલાઈ જાય છે.

10. દિવાળી પર સંધ્યા કાળે પીપળાના વૃક્ષ નીચે સરસવના તેલનો દીવો પ્રગટાવીને પીપળાને પ્રણામ કરીને પોતાની મનોકામના કહેવી. મા લક્ષ્મીનું ધ્યાન કરીને અને પાછું વળીને જોયા વગર પાછાં આવી જવું. તમોને અવશ્ય જ મા લક્ષ્મીજીના આશીર્વાદ પ્રાપ્ત થશે.



# દિવાળીમાં અષ્ટ લક્ષ્મી અને લક્ષ્મીજીની નવ કલાઓ પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

આ આર્થિક યુગમાં રૂપિયા-ધનનું મહત્ત્વ સર્વોપરિ ગણવામાં આવે છે. રૂપિયા-પૈસા માટે પતિ-પત્ની, પિતા-પુત્ર, ભાઈઓ વચ્ચે 'આર્થિક' પ્રશ્ને વિવાદ એક સામાન્ય વાત થઈ ગઈ છે! દૈનિક જીવનમાં પણ 'અર્થ' સર્વોપરિ છે. એક વ્યક્તિ બજારમાં જાય છે, પરંતુ તેનું ખિસ્સું ખાલી હોય છે ત્યારે તેની શું મનોદશા થાય છે? તેની કલ્પના માત્ર એક પંક્તિમાં કરવામાં આવે છે: ''યસ્ય સમીપે ટકા નાસ્તિ સ હાટકે ટકટકાયતે''-''જે વ્યક્તિ પાસે ખિસ્સામાં મુદ્રા નથી, તે ફક્ત લાલચી દૃષ્ટિથી વસ્તુઓને જુએ જ છે!''

એ પણ આ જમાનામાં કડવું સત્ય છે કે જે વ્યક્તિ પાસે ધન છે... તેના બધા મિત્ર બને છે પરંતુ જ્યારે પૈસા પાસે નથી હોતા ત્યારે બધાં મોઢું ફેરવી નાંખે છે! એટલા માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે, વ્યક્તિએ 'શ્રી સંપન્ન' થવું જોઈએ. આ દિવાળીથી તમારે લક્ષ્મીવાન થવું હોય તો થઈ શકો છો. અષ્ટ લક્ષ્મીઓના રૂપમાં- આદ્યલક્ષ્મી, ધૈર્ય લક્ષ્મી, ગજલક્ષ્મી, સંતાનલક્ષ્મી, વિજયલક્ષ્મી અને ધનલક્ષ્મીનાં રૂપોનો પૂજા થાય છે. અષ્ટ લક્ષ્મીઓમાં આ સ્વરૂપોની આરાધના કરવાથી જીવનમાં સર્વ સમૃદ્ધિ એટલે કે બધા પ્રકારની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

અષ્ટ લક્ષ્મીનાં પૂજન, આરાધના, ઉપાસના, સાધનાથી આઠ પ્રકારનાં ઐશ્વર્યના માર્ગ ખૂલી જાય છે.




**ધન લક્ષ્મી:** લક્ષ્મીના આ સ્વરૂપનું ધ્યાન કરવાથી સાધક જીવનમાં ધન-લાભ પ્રાપ્ત કરે છે. સાથે જ જીવનની પરિસ્થિતિઓ એ પ્રકારે ઊભી થાય છે કે, જ્યારે પણ વ્યક્તિ ધનની ઈચ્છા થાય છે ત્યારે તે ધનને સતત પ્રાપ્ત કરતો રહે છે અને ઘરમાં ધન સ્થિર રહે છે.

**યશ લક્ષ્મી:** યશ લક્ષ્મીનું સ્વરૂપ સાધકને સમાજમાં માન-સન્માન, યશ, ઐશ્વર્ય, પ્રતિષ્ઠા આપવામાં મદદરૂપ થાય છે. સાધકના સ્વભાવમાં પરિવર્તન કરી તેને વિનમ્ર, વિદ્વાનની શ્રેણીમાં લાવીને ઊભો કરી દે છે અને સાધકનો સંબંધ કોઈ બીજી વ્યક્તિ જોડે પણ કડવો હોય તોપણ તે સાધકનું સન્માન કરે છે.

**આયુષ્ય લક્ષ્મી:** ભગવતી લક્ષ્મીજીનું આ સ્વરૂપ સાધકને દીર્ઘાયુ આપે છે. એટલું જ નહીં, તેને રોગમુક્ત કરવામાં પણ મદદ કરે છે. સાધક જો હંમેશાં રોગગ્રસ્ત રહેતો હોય કે નિરંતર માનસિક પીડાનો અનુભવ કરતો હોય અથવા તેની સાથે હંમેશાં એવી ઘટનાઓ થતી હોય - જે તેને મૃત્યુ સામે લાવીને ઊભો કરી દે એવી પરિસ્થિતિઓમાંથી સાધકને ભયમુક્ત કરી સ્વસ્થ, સુંદર, સુદૃઢ, રોગ વગરનું જીવન આપે છે.

**વાહન લક્ષ્મી:** વાહનોનું ઘરમાં હોવું તે પણ લક્ષ્મીજીનું ઐશ્વર્યનું સ્વરૂપ છે. વાહન આપણી પાસે હોય અને આપણે તેનો યોગ્ય ઉપયોગ કરીએ. કારણ કે કેટલીક વાર જોવામાં આવ્યું છે કે, સાધકની પાસે વાહન તો હોય છે પરંતુ કોઈ કારણસર વાહનનો તે ઉપયોગ કરી શકતો નથી અને ધક્કા ખાતાં ખાતાં સફર કરે છે!

**માતા લક્ષ્મીજી કૃપા કરવા માટે તમારી પક્ષે રૂમઝૂમ કરીને આવવા માટે તૈયાર છે. એ પણ અષ્ટ લક્ષ્મી આપવા માટે... દિવાળીના ખાસ સમયમાં તેનો લાભ લેશો તો નવા વર્ષે સુખી થઈ જશો... લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ના જવાય**

**સ્થિર લક્ષ્મી:** ઘરમાં ધન-ધાન્યાદિ જળવાઈ રહે તે પણ ગૃહસ્થ જીવનની શ્રેષ્ઠતમ ઉપલબ્ધિ છે. અન્નપૂર્ણાનો નિવાસ ઘરમાં સ્થિર રહીને સ્થાપિત રહે છે. આ સ્થિર લક્ષ્મીની સાધનાથી જ સંભવ છે.

**ગૃહ લક્ષ્મી:** ગૃહ લક્ષ્મીનું તાત્પર્ય ફક્ત પત્ની હોવું એ નથી... પરંતુ પત્ની હોય, મનોનુકૂળ હોય, આપણા વિચારોને સમજી શકે... મિત્ર, સખા, મંત્રી બનીને જીવનમાં સંપૂર્ણ રૂપે મદદરૂપ સાબિત થાય. આ બધું ગૃહ લક્ષ્મીના સ્વરૂપની સાધનાથી જ સંભવ છે.

**સંતાન લક્ષ્મી:** ઘર હર્યુંભર્યું છે પરંતુ સંતાન વગર અને કિલકારીઓ વગર તે અધૂરું જ લાગે છે. બીજી તરફ જો સંતાન હોય પરંતુ તે દુષ્પ્રવૃતિનું બની જાય તો તે ભાર-સ્વરૂપ જ હોય છે. સંતાન હોય અને તે સદ્વૃત્તિનું હોય, તે એક સૌભાગ્ય જ હોય છે, જે સાધકના જીવનમાં 'સંતાન લક્ષ્મી'ની કૃપા જ હોય છે.

**ભવન લક્ષ્મી:** આપણું પોતાનું મકાન હોય, જેના માલિક આપણે હોઈએ પરંતુ સિક્કાની બીજી બાજુ ઘણાં લોકો આખી જિંદગી એમ જ બીજાના મકાનમાં ગુજારીને જીવનના આનંદથી વંચિત જ રહી જાય છે! **પોતાનું મકાન હોય** અને તેનો ઉપયોગ ના કરી શકીએ અથવા મકાન અધૂરી નિર્માણવ્યવસ્થામાં જ પડ્યું હોય, તો સાધક 'ભવન' -મકાન સુખ પણ પ્રાપ્ત કરે છે.

મનુષ્યના જીવનમાં આઠેય પ્રકારની લક્ષ્મીપ્રાપ્તિને જ સંપૂર્ણતા માનવામાં આવે છે.તમારા વ્યક્તિત્વને સંપૂર્ણ બનાવવા માટે અષ્ટ લક્ષ્મીની સાથે સાથે લક્ષ્મીની નવ કળાઓનો વિકાસ થવો પણ જરૂરી છે.

જે વ્યક્તિ પાસે લક્ષ્મીજીની આ નવ કળાઓનો વિકાસ હોય છે - ત્યાં લક્ષ્મી ચિરકાળ (લાંબા સમય સુધી) બિરાજમાન રહે છે.

**આ નવ કલાઓ આ પ્રકારે છે:** 1. વિભૂતિ 2. નમ્રતા 3. કાંતિ 4. તુષ્ટિ 5. કીર્તિ 6. સંતતિ 7. પુષ્ટિ 8. ઉત્કૃષ્ટિ 9. ઋદ્ધિ.

લક્ષ્મીજીનાં આ આઠેય સ્વરૂપોને પ્રાપ્ત કરવાની સાથે સાથે લક્ષ્મીજીની નવ કલાઓ પણ પોતાના જીવનમાં વિકાસ કરવા માટે તમે અષ્ટ લક્ષ્મી કવચ ગળામાં ધારણ કરો.

જો તમે પણ લક્ષ્મીપ્રાપ્તિ માટે ઘણા પ્રયાસ કરતા હો પરંતુ કંઈ ને કંઈ કમી સતત રહેતી હોય તો તમે અષ્ટ લક્ષ્મી કવચ ધારણ કરીને ભવનને સંપૂર્ણ ઐશ્વર્યમય બનાવી શકો છો.

**અષ્ટ લક્ષ્મી સાથે સાથે દિવાળીમાં સાધકો માટે વિશેષ ભેટ-ઉપહાર**

આ વખતે દિવાળીમાં સાધકો અષ્ટ લક્ષ્મીવાળાં બની જાય તેમ જ તેમના જીવનમાં નવ કળાઓ પણ વિકસી જાય તે હેતુસર વિશેષ- સિધ્ધલક્ષ્મીદાયક વસ્તુઓ અષ્ટ લક્ષ્મી કવચ ધારણ કરનારને ઉપહાર સ્વરૂપે આપવામાં આવશે.

1. સિધ્ધ અષ્ટ લક્ષ્મી તાવીજ 2. સિધ્ધ અષ્ટ લક્ષ્મી યંત્ર 3. સિધ્ધ એકાક્ષી નાળિયેર

2. જમણો શંખ 5. નવગ્રહ લોકેટ... તેમજ આ બધી સામગ્રીઓનો ઉપયોગ, પ્રયોગ અને પૂજા કરવા માટે મંત્રો સહિત માર્ગદર્શન-પત્રિકાનો પણ સમાવેશ થાય છે.

# દિવાળી પર મનોકામના પૂરી કરવા માટેના અદ્‌ભુત પ્રયોગ

જડીબુટ્ટી
નજુમી

દિવાળી... દીપાવલિ પર્વ તાંત્રિક પ્રયોગોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ મુહૂર્તના રૂપે જાણીતું છે. દિવાળીની રાત્રિને 'મહાનિશા' પણ કહેવાય છે. આ પર્વ પર કરવામાં આવેલા તાંત્રિક પ્રયોગોનું પરિણામ જલદી જ મળે છે. તો પ્રસ્તુત છે આ દિવાળી પર કરવાયોગ્ય વેપારમાં વૃદ્ધિ તેમ જ અન્ય મનોકામનાઓ પૂરી કરવા માટેના પ્રયોગો: 1.દિવાળી પહેલાં રવિવારે હાથમાં ગંગાજળ લઈને ગાયત્રી મંત્રનો જપ પાણીમાં ફૂંક મારીને 21 વાર જપ કરવા. ત્યાર બાદ આ અભિમંત્રિત જળથી દુકાનમાં ચારે તરફ છાંટા નાંખવા. 2.સોમવારે સફેદ ચંદન લાવવું. તેને શુભ મુહૂર્તમાં પૂજાસ્થાનમાં રાખવું તથા ગંધાક્ષત (ચોખા) તથા ફૂલથી પૂજા કરવી. ત્યાર બાદ તેને તિજોરીમાં મૂકી દો.

3.દિવાળી પર પૂજા કરેલાં ગોમતી ચક્ર લાલ વસ્ત્રમાં બાંધી ઓફિસના મુખ્ય દ્વારની ચોખટ પર બાંધવાથી લાભ થાય છે. કોઈ તાંત્રિક પ્રયોગ દ્વારા દુકાન કે ઓફિસમાં બાંધવામાં આવેલ હોય કે અન્ય કારણસર દુકાનનો ધંધો ઠપ થઈ ગયો હોય તો પણ આ પ્રયોગ લાભ આપે છે.

4.ધંધામાં અવરોધ આવતો હોય કે ધંધો ઠપ પડી ગયો હોય તો મેષ, કર્ક, તુલા તેમ જ કુંભ રાશિના જન્મલગ્નવાળા વેપારી 'પુરુષ સૂક્ત' તેમ જ 'શ્રીસૂક્ત'નો સંધ્યા કાળમાં પાઠ કરાવવો. તેનાથી ધંધામાં આવતો અવરોધ ટળી જાય છે અને વ્યવસાયવૃદ્ધિના નવા માર્ગ ખુલ્લા થાય છે.

જ્યારે વૃષભ, કન્યા, વૃશ્ચિક અને મીન રાશિ કે લગ્નવાળા વેપારીઓએ દિવાળીની રાતે 'ગોપાલ સહસ્રનામ' સ્તોત્રનો પાઠ કરાવવો જોઈએ.

મિથુન, સિંહ અને મકર રાશિ કે લગ્નવાળા વેપારીઓએ દિવાળીથી આરંભ કરીને 'વિષ્ણુ સહસ્રનામ' સ્તોત્ર



અથવા 'ગોપાલ સહસ્રનામ' સ્તોત્રનો 21 દિવસ સુધી રોજ પાઠ કરાવવો જોઈએ.

5. ધંધાની વૃદ્ધિ માટે કાળા ઘોડાની નાળને શ્રીસૂક્તના 11 પાઠ કરીને સિદ્ધ કરી લેવું જોઈએ અથવા શ્રીસૂક્તના મંત્રોથી રુદ્રાક્ષની માળાથી કરો તો ઉત્તમ. આ પ્રકારે સિદ્ધ કરીને કાળા ઘોડાની નાળને અમૃત સિદ્ધિ કે સર્વાર્થ સિદ્ધિ યોગમાં મુખ્ય દ્વાર પર સ્થાપિત કરવાથી વ્યવસાયમાં વૃદ્ધિના યોગ બને છે.

6. દુકાનમાં સવારે શુદ્ધ જળ અથવા ગંગાજળના છાંટા લગાવીને નિમ્નલિખિત મંત્રનો 108 વાર ઉચ્ચારણ કરવાથી વેપારમાં બરકત થવા લાગે છે: ૐ મમ વ્યાપારે વૃદ્ધિં કુરુ કુરુ સ્વાહા॥

7. સંધ્યાકાળે પોતાના ધંધાના સ્થળે ઘીનો દીવો પ્રગટાવીને નીચેના મંત્રની એક માળા જપ કરવી: ધનં ધાન્યં ધરાં સર્વં કીર્તિમાયુર્યશઃ શ્રિયમ્‌ તુરગાન્‌ દન્તિનઃ પુત્રાન્‌ મહાલક્ષ્મી પ્રયચ્છ મે॥ તેનાથી વેપારમાં બધા પ્રકારની ઉન્નતિ થાય છે.

8. સંધ્યા કાળે કુબેરજીનું ધ્યાન કરીને 108 વાર નિમ્નલિખિત મંત્રનો જપ કરવો:- ધનાધ્યક્ષાય દેવાય નરયોનોપવેશિનો કુબેરાય નમસ્તુભ્યં ધનધાન્યં પ્રયચ્છ મે॥

9. પ્રાતઃ કાળ નિમ્નલિખિત મંત્રની 11 માળા જપવી: ૐ વૈશ્રવણાય સ્વાહા॥

10. સુદ પક્ષમાં ગુરુવારે દુકાન કે ઘરના મુખ્ય દ્વારના ખૂણામાં ગંગાજળ છાંટીને તેના પર સાથિયો બનાવવો. આ પર થોડી માત્રામાં ચણાની દાળ તથા ગોળ રાખવો. આ પ્રયોગ 11 ગુરુવાર સુધી કરવો. ત્યાર બાદ ઉપરોક્ત સામાન વહેતા જળમાં પ્રવાહિત કરી દો. 11 ગુરુવાર પૂરા થયા બાદ ગણેશજીને સિંદૂર લગાડીને 11 લાડુનો ભોગ ધરાવવો તથા 'જય ગણેશ કાટો કલેશ' મંત્રનો ૧૦૮ વાર જપ કરવો.

11. 'ૐ કામીક્ષુ રસેન વૈઃ' મંત્ર બોલતાં બોલતાં શેરડીના રસથી રુદ્રાભિષેક કરવાથી વેચાણમાં વધારો થશે.

12. જો વેપારમાં કોઈ પણ પ્રકારની અડચણ હોય, તો 21 કે 60 દિવસ સુધી નિમ્નલિખિત મંત્રનો સવા લાખ જપ કરવો અથવા કરાવવો. છેલ્લા દિવસે ગાયના શુદ્ધ ઘીની 10,000 આહુતિ આપીને હવન કરવો અથવા હવનની પૂર્તિ માટે 25,000 વધારે જપ કરવા. મંત્રઃ ૐ હ્રીં શ્રીં ક્લીં સૌં જગત્પ્રસૂત્યૈ નમઃ

13. લાલ વસ્ત્ર પર ત્રણ મુઠી કાળા તલ મૂકીને ઢગલી બનાવવી અને પછી સરસવના તેલનો દીવો પ્રગટાવવો. ત્યાર બાદ દીવો તલની ઢગલી પર રાખવો. પછી પોતે પૂર્વ દિશા તરફ મોઢું રાખીને બેસવું અને પોતાની સામે હનુમાનજીનો ફોટો મૂકીને પૂજા કરવી અને 21 વાર નીચે આપેલા મંત્રનો જપ કરવો:- ૐ હનુમન્ત વીર, રાખો હદ ધીર, કરો યહ કામ; વ્યાપાર બઢે, તંતર દૂર હો, ટૂણાટૂટે ગ્રાહક બઢે, કારજ સિદ્ધ હોય, ન હો તો અંજની કી દુહાઈ॥ 11મા દિવસે લાલ વસ્ત્ર, તલ અને દીવાને વહેતા જળમાં પ્રવાહિત કરી દેવો અથવા એકાંત સ્થાનમાં જ્યાં કોઈનો પગ ના આવે, ત્યાં મૂકી આવવું. આ પ્રયોગ કરવાથી ચોક્કસ વેપારમાં વધારો થાય છે.

14. ધનતેરસ કે દિવાળીની સવારે દુકાનમાં દર્ભથી શુદ્ધ જળથી છાંટા નાંખવા અને એક માળા લિખિત મંત્રનો જપ કરવો:- ૐ મમ વ્યાપારે વૃદ્ધિં કુરુ કુરુ સ્વાહા॥

# આપની સમસ્યાનું સરળ સમાધાન

સમસ્યા અને સમાધાન
વાય.જે.ટી.

**સમસ્યા - ગુરુજી, હું ઘણા સમયથી સરકારી ભરતી માટેની પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છું. દર વખતે પરીક્ષા આપવા છતાં પણ હું હજી સુધી કોઈ પણ પરીક્ષામાં સફળ થઈ શક્યો નથી. હંમેશાં મન લગાવીને સંપૂર્ણ મહેનતની સાથે પરિશ્રમ કરવા છતાં હું અસફળ થઈ જાઉં છું. કૃપા કરીને મને એવું સમાધાન બતાવો કે મારી આ પરેશાની સફળતાપૂર્વક મટી જાય!**

**સમાધાન** - તમે દ્વાદશ આદિત્ય કવચ તેમજ કાલયક્ષ વશીકરણ કવચનું સંયુક્ત પેન્ડલ બનાવીને ધારણ કરો.

**સમસ્યા-હું એમ.બી.બી.એસ. કરી રહ્યો છું અને મને સમય પર સફળતા મળે તેના માટે કયું કવચ ધારણ કરવું સારું રહેશે?**

**સમાધાન:** તમારા કેરિયરમાં સફળતા મળે અને આગળ પણ સ્પર્ધાત્મક સ્થિતિમાં સફળતા મળે તેના માટે ત્રિવેણી કવચ ધારણ કરવું શુભ રહેશે. એટલું જ નહીં, તમે અષ્ટ વિનાયક કવચ ધારણ કરીને પણ તેનો લાભ ઉઠાવી શકો છો.

**સમસ્યા- પૂજ્ય ગુરુજી... મારા શરીર પર નાના-નાના દાણા થઈ ગયા છે. સારવાર પણ ચાલી રહી છે પરંતુ તેનું કોઈ નક્કર પરિણામ મળતું નથી. શું આ બીમારી માટે કોઈ કવચ છે જે મને લાભ આપી શકે.**

**સમાધાન-** સ્કીનની સમસ્યાઓ મોટા ભાગે શનિ તેમ જ બુધના કારણે જ થતી હોય છે. એટલે તમે અષ્ટવિનાયક કવચ તેમ જ કાલભૈરવ કવચનું સંયુક્ત પેન્ડલ બનાવીને ધારણ કરશો તો દવાની અસર પણ થશે અને આ ચામડીનો રોગ ચમત્કારિક મટી પણ જશે.

**સમસ્યા- મારામાં 'આત્મવિશ્વાસ'ની કમી છે. તેથી મારું કોઈ પણ કાર્યમાં મન નથી લાગતું. એમ તો હું ઘણું બધું કરવા ઇચ્છું છું પરંતુ તે કરી શકતો નથી! તેથા કાયમ અવઢવમાં જ રહું છું.**




**સમાધાન-** તમારે આત્મવિશ્વાસ માટે દ્વાદશ આદિત્ય તેમજ મહામૃત્યુંજયનું સંયુક્ત કવચ ધારણ કરવું શુભ રહેશે. એમ તો શિવલિંગ પર રોજ જળ ચઢાવવાથી પણ રાહત મળે છે. તમારી કુંડળીમાં ચંદ્રની સ્થિતિ અનુસાર પણ તમારે ઉપાય કરવો જોઈએ.

**સમસ્યા- આદરણીય વાય.જે.ટી., હું વિદેશ જવા ઇચ્છું છું. કાગળની કાર્યવાહી પણ પૂરી થઈ ગઈ છે પરંતુ વીઝા મળવામાં વિલંબ થાય છે. હવે હું એવું ઇચ્છું છું કે મારું કાર્ય જલ્દી થઈ જાય તેના માટે મારે કયો ઉપાય કરવો તે જણાવશો. હવે ધીરજ ખૂટી ગઈ છે.**

**સમાધાન-** તમારે દસ મહાવિદ્યા તેમજ વિચિત્ર વીર હનુમાન કવચ ધારણ કરવું શુભ રહેશે.

**સમસ્યા- મહોદય, નમસ્કાર. મારી પાંચ વર્ષની પુત્રી છે જેનું નામ રોશની છે. તે હંમેશાં બીમાર રહે છે. ઘણો ઇલાજ કરાવા છતાં પણ તેને કોઈ ફરક પડતો નથી. સમાધાન જણાવો.**

**સમાધાન-** ચાંદીમાં ચંદ્રમાનો મોતી પહેરાવો. સાથે ધનવંતરી કવચ ધારણ કરાવો. ઘણો ફરક પડશે.

**સમસ્યા - ગુરુજી, સાદર પ્રણામ! હું ઘણા સમયથી કર્જ (દેવાં)થી પરેશાન થઈ ગયો છું. મેં મારા વેપાર માટે પણ થોડુંક દેવું કર્યું છે, પરંતુ વેપાર ઠપ થઈ જવાથી દેવું ચૂકવી શકતો નથી. કૃપા કરીને તમે તેનું સમાધાન જણાવો, જેનાથી હું દેવાંની જાળમાંથી બહાર નીકળું.**

**સમાધાન:** તમારે આ માટે કશું કરવાનું નથી. ફક્ત ગળામાં દસ મહાવિદ્યા તેમજ અષ્ટલક્ષ્મીનું કવચ ધારણ કરવાનું છે. તેથી તમારો ધંધો ચાલશે, લક્ષ્મી આવશે અને દેવું પૂરું થઈ જશે. ઉપરાંત રૂપિયા પાસે રહેશે જેથી તમારું મન પ્રફુલ્લિત રહેશે.

**સમસ્યા - મારા લગ્નને બે વર્ષ થઈ ગયાં છે. હજુ સુધી સંતાન નથી. ડોક્ટરની સારવાર પણ ચાલી રહી છે પરંતુ ક્યાંક ને ક્યાંક અડચણો જ આવે છે. તેથી તેનો રસ્તો બતાવો.**

**સમાધાન-** તમારે વંશવૃદ્ધિ કવચ+સંતાન ગોપાલ યંત્રનું સંયુક્ત પેન્ડલ ધારણ કરવું જોઈએ. સંપૂર્ણ સંતાન ગોપાલ યંત્રનો પણ પ્રયોગ તમે બંને પતિ-પત્નીએ પણ કરવો.

**સમસ્યા - પૂજ્ય ગુરુજી! ચરણ સ્પર્શ! હજુ સુધી હું બેરોજગાર રહ્યો છું. તેથી મારી સમસ્યાનું નિવારણ કરો.**

**સમાધાન-** તમારે કાર્યસિદ્ધિ કવચ ધારણ કરવું શુભ રહેશે.